# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર વિસ્ફોટમાં આઠના મોત - અનેક ઘાયલ - ગુજરાત સહિત દેશભરમાં એલર્ટ.

2) ગૃહમંત્રી અમિત શાહ આજે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી સલામતી વ્યવસ્થાની સમીક્ષા કરશે.

3) બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે મતદાનનો પ્રારંભ.. સાત રાજ્યની આઠ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીનું મતદાન પણ શરૂ.

4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભૂટાનની બે દિવસની મુલાકાતે જવા રવાના થશે.

5) સમ્રાટ રાણાએ ISSF શૂટિંગ વિશ્વ ચેમ્પિયનશિપમાં પુરુષોની 10 મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# DELHI BLAST

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર વિસ્ફોટમાં આઠ લોકો માર્યા ગયા છે.

ગઈકાલે સાંજે લગભગ 7 વાગ્યે ટ્રાફિક સિગ્નલ નજીક એક કારમાં વિસ્ફોટ થયો હતો. નજીકના અન્ય વાહનોને પણ નુકસાન થયું હતું અને ઘણા લોકો ઘાયલ થયા હતા

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે દિલ્હી પોલીસ, રાષ્ટ્રીય તપાસ એજન્સી, રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ ટીમો અને ફોરેન્સિક ટીમોએ તપાસ શરૂ કરી છે. વિસ્ફોટનું ચોક્કસ કારણ ટૂંક સમયમાં જાણી શકાશે.

(BYTE: AMIT SHAH)

દિલ્હી પોલીસ કમિશનર સતીશ ગોલ્ચાએ જણાવ્યું હતું કે લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક સિગ્નલ પર ધીમે ધીમે ચાલતા વાહનમાં વિસ્ફોટ થયો હતો. દિલ્હી પોલીસે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ, વિસ્ફોટકો અધિનિયમ અને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

પ્રધાનમોદી નરેન્દ્ર મોદીએ પરિસ્થિતિની સમીક્ષા કરી ,ગૃહમંત્રી અમિત શાહ સાથે વાત કરી છે. શ્રી શાહે વિસ્ફોટ સ્થળની મુલાકાત લીધી અને લોકનાયક જયપ્રકાશ હોસ્પિટલમાં દાખલ ઘાયલોને મળ્યા. એલએનજેપી હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટે જણાવ્યું હતું કે 15 લોકોને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. તેમાંથી આઠ લોકોના હોસ્પિટલ પહોંચતા પહેલા જ મોત થયા હતા, ત્રણ ગંભીર રીતે ઘાયલ છે અને એકની હાલત સ્થિર છે.

ગૃહમંત્રી આજે ઉચ્ચ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકમાં પરિસ્થિતિની સમીક્ષા કરશે.

# ALERT

દિલ્હીમાં બનેલી કાર બ્લાસ્ટ ઘટના અનુસંધાને ગુજરાત દેશભરમાં પોલીસ દ્વારા એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ગુજરાતના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં એલર્ટ માટે આદેશ આપવામાં આવ્યા છે. ખાસ કરીને મહાનગરો અને રાજ્યના એન્ટ્રી એક્ઝિટ પોઇન્ટ તેમજ શહેર જિલ્લાના તમામ એન્ટ્રી એક્ઝિટ પોઇન્ટ પર નાકાબંધી,વાહન ચેકીંગ, પોલીસ પેટ્રોલિંગ અને પોલીસ પ્રેઝન્સ માટે તમામ શહેર જિલ્લા પોલીસના વડાઓને સૂચના આપવામાં આવી છે. અમદાવાદમાં પણ પોલીસ દ્વારા તકેદારીના ભાગરૂપે  સઘન ચેકિંગ હાથ ધરાયું હોવાનું અમદાવાદ પોલીસ કમિશનર જી એસ મલિકે જણાવ્યું હતું.

(BYTE : G S MALIK)

ઉત્તરાખંડમાં પોલીસ મહાનિર્દેશક વી. મુરુગેસને જણાવ્યું હતું વિસ્ફોટ બાદ રાજ્યવ્યાપી એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તમામ તેર જિલ્લાના પોલીસ અધિક્ષકોને પોતપોતાના વિસ્તારોમાં કડક તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

# CONDOLENCES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દિલ્હી બોમ્બ વિસ્ફોટોમાં પોતાના પ્રિયજનો ગુમાવનારાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ ઘટનાને અત્યંત પીડાદાયક ગણાવી છે, ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી છે.

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ સંવેદના વ્યક્ત કરતાં જણાવ્યું કે તમામ અસરગ્રસ્તોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. તેમણે દિલ્હીના લોકોને અફવાઓ ન ફેલાવવા કે ન માનવા અને શાંતિ જાળવવા અપીલ કરી છે. મુખ્યમંત્રીએ લોકોને પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર માહિતી પર જ આધાર રાખવા વિનંતી કરી હતી.

ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમજ ઇજાગ્રસ્ત લોકો ઝડપથી સાજા થવાની કામના કરી છે.

# DELHI-BLAST---AMBASSADORS

દિલ્હી વિસ્ફોટ બાદ, ઘણા દેશોના રાજદૂતોએ શોક વ્યક્ત કર્યો છે.

જાપાન, આર્જેન્ટિના, બાંગ્લાદેશ, ઓસ્ટ્રેલિયા, ઈરાન, શ્રીલંકા અને મોરોક્કોના રાજદૂતોએ આ ઘટના અંગે ઊંડા દુ:ખની લાગણી વ્યક્ત કરી છે, મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી છે.

બ્રિટન અને અમેરિકન રાજદૂતાવાસે તેના નાગરિકો માટે સુરક્ષા ચેતવણી જાહેર કરી છે, જેમાં તેમને દિલ્હીના લાલ કિલ્લા અને ચાંદની ચોકની આસપાસના વિસ્તારોથી દૂર રહેવા, ભીડવાળા સ્થળોએ સાવધાની રાખવા અને સ્થાનિક મીડિયા પર અપડેટ્સ માટે નજર રાખવાની સલાહ આપવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BIHAR-POLLING

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે મતદાનનો પ્રારંભ થયો છે.

આ તબક્કામાં વીસ જિલ્લાઓમના ૧૨૨ મતવિસ્તારોમાં મતદાન થઈ રહ્યું છે. ૩.૭ કરોડથી વધુ મતદારો ૧૩૬ મહિલાઓ સહિત ૧ હજાર ૩૦૨ ઉમેદવારોનું રાજકીય ભાવિ નક્કી કરશે. સવારે ૭ વાગ્યે શરૂ થયેલું મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલુ રહેશે. સુરક્ષા કારણોસર સાત મતવિસ્તારોમાં મતદાન સાંજે ૫ વાગ્યા સુધી ચાલુ રહેશે.

પોલીસ મહાનિર્દેશક વિનય કુમારે જણાવ્યું હતું કે સુરક્ષા કારણોસર, નેપાળ અને ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ઝારખંડ સાથેની સરહદો બંધ કરવામાં આવી છે અને તેના પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. નેપાળમાં જયનગર, મધુબની અને જનકપુર વચ્ચે ચાલતી મૈત્રી એક્સપ્રેસ મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સ્થગિત કરવામાં આવી છે.

ચૂંટણી પંચે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખવા માટે પટનામાં મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી ખાતે એક અત્યાધુનિક નિયંત્રણ અને કમાન્ડ સેન્ટર સ્થાપિત કર્યું છે. તમામ વીસ જિલ્લા મુખ્યાલયોમાં નિયંત્રણ રૂમ સ્થાપિત કરવામાં આવ્યા છે. મહિલા ચૂંટણી અધિકારીઓ તમામ ૫૯૫ મતદાન મથકોનું સંચાલન કરશે. ૨૨૧ મતદાન મથકો ખાસ તાલીમ પામેલા કર્મચારીઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે. આ ઉપરાંત, ૩૧૬ મોડેલ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. વિધાનસભા ચૂંટણીનો પ્રથમ તબક્કો આ મહિનાની ૬ઠ્ઠી તારીખે યોજાયો હતો. જેમાં આશરે ૬૫ ટકા મતદાન નોંધાયું હતું. બંને તબક્કાની મતગણતરી ૧૪ નવેમ્બરે કરાશે.

# BY-ELECTIONS

સાત રાજ્યોની આઠ વિધાનસભા બેઠકો માટે પણ આજે પેટાચૂંટણીઓ યોજાઇ રહી છે.

આ બેઠકોમાં જમ્મુ અને કાશ્મીરમાં બડગામ અને નાગરોટા, રાજસ્થાનમાં અંતા, ઝારખંડમાં ઘાટશિલા, તેલંગાણામાં જ્યુબિલી હિલ્સ, પંજાબમાં તરનતારન, મિઝોરમમાં ડંપા અને ઓડિશામાં નુઆપાડાનો સમાવેશ થાય છે. આ પેટાચૂંટણીઓની મતગણતરી પણ 14 નવેમ્બરે હાથ ધરાશે.

# PM-BHUTAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભૂટાનની બે દિવસની મુલાકાતે જવા રવાના થશે. આ મુલાકાતનો ઉદ્દેશ્ય ભારત અને ભૂટાન વચ્ચે ખાસ મિત્રતા અને સહયોગને વધુ ગાઢ બનાવવાનો છે.

આ મુલાકાત દરમિયાન, શ્રી મોદી અને ભૂટાનના રાજા, જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક એક હજાર વીસ મેગાવોટ પુનાત્સંગચુ-2 હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ ભારત અને ભૂટાન દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી ભૂટાનના ચોથા રાજા, જિગ્મે સિંગ્ય વાંગચુકની 70મી જન્મજયંતિ નિમિત્તે સમર્પિત ઉજવણીમાં હાજરી આપશે અને તેમના સમકક્ષ ત્શેરિંગ ટોબગેને પણ મળશે. પ્રધાનમંત્રી થિમ્ફુમાં ચાલી રહેલા વૈશ્વિક શાંતિ પ્રાર્થના પણ ભાગ લેશે.

ઓલ ઇન્ડિયા રેડિયો ન્યૂઝ સાથે વાત કરતા, ભૂટાનમાં ભારતીય રાજદૂત સંદીપ આર્યએ કહ્યું કે આ મુલાકાતથી બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે.

# ISSF

સમ્રાટ રાણાએ ISSF શૂટિંગ વિશ્વ ચેમ્પિયનશિપમાં પુરુષોની 10 મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ જીત સાથે, રાણા વ્યક્તિગત એર પિસ્તોલ વૈશ્વિક ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે.

રાણાએ 243.7 પોઇન્ટના સ્કોર સાથે આ ચંદ્રક જીત્યો. ચીનના હુ કાઇ તેનાથી માત્ર 0.4 પોઇન્ટ પાછળ રહ્યા. ભારતના વરુણ તોમરે કાંસ્ય ચંદ્રક જીત્યો.

22 વર્ષીય રાણા ઓલિમ્પિક ઇવેન્ટમાં વૈશ્વિક ખિતાબ જીતનાર પાંચમાં ભારતીય શૂટર બન્યા છે.

દરમિયાન મનુ ભાકર વ્યક્તિગત મેડલ મેળવવામાં ચૂકી ગઈ હતી પરંતુ મહિલા ટીમ ઇવેન્ટમાં એશા સિંહ અને સુરુચી સિંહ સાથે રજત ચંદ્રક જીત્યો છે.

આ સાથે, કૈરો ચેમ્પિયનશિપમાં ભારતની મેડલ ટેલી નવ પર પહોંચી છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- આજના મુખ્ય તમામ અખબારોએ દિલ્હી બ્લાસ્ટની ખબર ને મુખ્ય હેડલાઇન બનાવી છે.
- સંદેશે દિલ્હીમાં ચાલતી કારમાં વિસ્ફોટ ,13 ના મોતના સમાચારને તસવીર સાથ હેડલાઇન બનાવી છે, ફૂલછાબ લખે છે કે લાલ કિલ્લા પાસે કાર બ્લાસ્ટ -8 મૃત્યુ ની ખબરને તસવીર સાથે છાપ્યા છે
- નવ ગુજરાત સમયએ દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કારમાં વિસ્ફોટ -10 ના મોતને મુખ્ય મથાળે સ્થાન આપ્યું છે જયારે ગુજરાત સમચારે દિલ્હીમાં રહસ્યમય વિસ્ફોટ -10 ના મોત, 24 ઘાયલને તસવીર સાથે મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- અમદાવાદ સહિત રાજ્યભરમાં સઘન ચેકિંગના સમાચાર તમામ અખબારોએ છેલ્લા પેજ પર છાપ્યા છે
- શ્વાસ લેવા માટે અમદાવાદની હવા પણ નબળી, ગુણવત્તા નો AQI 157 અને ઠંડીનો ચમકારો - નલિયા -ગાંધીનગર સૌથી ઠંડા શહેર સમાચારને છેલ્લા પાને છાપ્યા છે